## દાસબોધ પ્રવેશ – પ્રશ્નપત્રિકા – ૧

(દાસબોધ દશક ૧ સમાસ ૧ 'ગ્રંથારંભલક્ષણ' પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ ઓવીઓમાં ખાલી જગ્યા પૂરો.

૧) નાના _ _ _ _ _ સંમતિ | _ _ _ _ _ વેદાંત શ્રુતિ | આણિ મુખ્ય _ _ _ _ _|શાસ્ત્રેસહિત ||

૨) નાના ધોકે _ _ _ _ _| નાના કિંત _ _ _ _ _| નાના _ _ _ _ _સંસારાચે| નાસતિ શ્રવણે ||

૩) _ _ _ _ _ યોગેં દેવ | નિશ્ચયે પાવતિ _ _ _ _ _ | ઐસા આહે _ _ _ _ _ |ઈયે ગ્રંથિ ||

પ્ર. ૨ નીચે આપેલ નિવેદનો સાચા છે કે ખોટા તે જણાવો. જો ખોટા હોય તો સાચા નિવેદનો લખો.

૧) દાસબોધ ગ્રંથને ફક્ત ભગવદ્ગીતાનો આધાર છે.

૨) ફક્ત આત્મપ્રતીતિના આધાર પર સમર્થએ દાસબોધ લખેલ છે.

૩) પૂર્ણ ગ્રંથનું વાંચન કર્યા પછીજ વાચકને કોઈપણ ગ્રંથપર ટીકા કરવાનો અધિકાર હોય છે.

પ્ર. ૩ દાસબોધ ગ્રંથની ફલપ્રાપ્તિ વિશદ કરતી ૧૦ ઓવીઓનો ફક્ત ક્રમાંક લખી અર્થ લખો.

પ્ર. ૪ નીચે આપેલ ઓવીઓના અર્થનું સંક્ષિપ્તમાં સ્પષ્ટીકરણ આપો.

૧) અમૃત સેવિતાચ પાવલા | મૃત્ય રાહો ||

૨) જયાચા ભાવાર્થ જૈસા | તયાસ લાભ તૈસા ||

પ્ર. ૫ આ પૂર્વે તમે દાસબોધનું વાંચન કરેલ છે ? આ ગ્રંથનો સંકલ્પ કરવાની ઈચ્છા આપણને શા માટે થઈ છે ? એ બદલ ૧૦ વાક્યો લખો.

**અથવા**

આ પૂર્વે તમે દાસબોધનું વાંચન કર્યું હોય તો તે દરમ્યાન આપણને થયેલ સમાધાનકારક અનુભવ વિશે ૧૦ વાક્યો લખો.

## પ્રશ્નપત્રિકા – ૨

(દશક ૧૨ સમાસ ૧ 'વિમળલક્ષણ' પર આધારિત)

પ્ર. ૧ પ્રપંચ કર્યા સિવાય ફક્ત પરમાર્થ કરવાથી સર્વસામાન્ય માણસોને કયા સંકટોનો સામનો કરવો પડે છે? આનાથી વિરુદ્ધ ફક્ત પ્રપંચ કરવાથી કયા સંકટોનો સામનો કરવો પડે છે; એ વિશે સમર્થ શું કહે છે?

પ્ર. ૨ પ્રપંચ અને પરમાર્થ, બંનેમાં યશ પ્રાપ્ત કરવું હોય તો કયા એક વિશેષ ગુણનો અત્રે ઉલ્લેખ કરેલ છે?

પ્ર. ૩ આ ઉદ્ધરણમાં સમર્થએ કયા ઉર્દૂ શબ્દોનો પ્રયોગ કરેલ છે?

પ્ર. ૪ નીચે આપેલ અવતરણોપર પાંચ વાક્યોમાં સ્પષ્ટીકરણ આપો.

૧) 'જીવસૃષ્ટિ વિવેકેં ચાલે'
૨) 'પ્રપંચી જો અપ્રમાણ | તો પરમાર્થી ખોટા ||'

પ્ર. ૫ ખાલી જગ્યા પૂરો.

૧) સુખી અસતો _ _ _ _ _| દુઃખી હોતો _ _ _ _ _||
૨) સંસારી અસતાં _ _ _ _ _| તોચિ જાણાવા _ _ _ _ _||
૩) મ્હણૌન_ _ _ _ _| ધન્ય તયાચે મહિમાન| જની રાખે _ _ _ _ _| તોચિ યેક ||

## પ્રશ્નપત્રિકા – ૩

(દાસબોધ દશક ૧૨ સમાસ ૨ ‘પ્રત્યયનિરૂપણ’ પર આધારિત)

પ્ર. ૧ નીચે ‘અ’ સ્તંભમાં ઓવીના ચરણનો પૂર્વાર્ધ આપેલ છે અને ‘બ’ સ્તંભમાં ઉત્તરાર્ધ આપેલ છે. તેનો ઉપયોગ કરી જોડકા બનાવો.

| અ | બ |
|---|---|
| ૧) અચૂક યત્ન કરવેના \| | ૧) તંવ તો સુગંધ કળેના \| |
| ૨) જંવરી ચંદન ઝિજેના \| | ૨) અંતરપરીક્ષા નેણતી \| |
| ૩) પેરીલે તે ઊગવતે \| | ૩) ત્યાંસ માનિતી લહાનથોરે \| |
| ૪) આપણાસ આહે મરણ \| | ૪) મ્હણૌન કેલેં તેં સજેના \| |
| ૫) લોક નાના પરીક્ષા જાણતી \| | ૫) મ્હણૌન રાખાવેં બરેંપણ \| |
| ૬) બોલતો ખરેં ચાલતો ખરેં | ૬) ઉસિણે દયાવેં દ્યાવેં લાગતેં \| |

પ્ર. ૨ નીચે આપેલ નિવેદનો સાચા છે કે ખોટા તે જણાવો. (જો ખોટા હોય તો સાચા નિવેદનો લખો.) એના સમર્થનમાં ઓવી લખો.

૧) જગતમાં એક જણ સુખી તો બીજો દુ:ખી હોય છે અને એનું કારણ છે પ્રારબ્ધ !
૨) લોકો આપણને સજ્જન વ્યક્તિ કહે તે માટે લોકોનો ત્રાસ પણ સહન કરવો પડે છે.
૩) માણસના સદગુણ દેખાયા પછી પણ દુનિયાનું અંત:કરણ એનાવિશે બદલાતું નથી.
૪) બીજા લોકોને ખરાબ કહેવું અને પોતાની તરફદારી કરવી એ સામાન્ય લોકોના લક્ષણોજ છે.
૫) માણસનાં બોલવાપરથી એની મન:સ્થિતી સતર્ક માણસ આજમાવી શકે છે.

પ્ર. ૩ અ) સર્વ સામાન્ય માણસની વાસનાઓ અને કલ્પનાઓનું સ્વરૂપ કેવું હોય છે.?
બ) સમર્થનાં મત અનુસાર માણસ અપયશી થાય એનું મુખ્ય કારણ શું હોય છે?

પ્ર. ૪ ખાલી જગ્યા પૂરો.

૧) જો આપલા _ _ _ _ નેણે | તો _ _ _ _ કાયે જાણે | _ _ _ _ સાંડિતાં દૈન્યવાણે | _ _ _ _ લોક||
૨) _ _ _ _જે માનેના | તેથે _ _ _ _રાહાવેના | _ _ _ _ તોડૂન જાવેના | કોણીયેકેં ||
૩) _ _ _ _આહે મરણ | મ્હણૌન રાખાવેં _ _ _ _ | કઠીણ આહે _ _ _ _ |_ _ _ _ ||

પ્ર. ૫ (દા. ૧૨-૨ ) આ સમાસમાંથી જો કોઈ પણ ત્રણ ઓવીઓનો તખ્તો બનાવી પોતાના ઘરમાં મુકવાનો હોય તો કઈ ત્રણ ઓવીઓનો એમાં સમાવેશ કરવાનું તમે પસંદ કરશો ?

## પ્રશ્નપત્રિકા – ૪

(દાસબોધ દશક ૨ સમાસ ૨ 'ઉત્તમ લક્ષણ' પર આધારિત)

પ્ર. ૧ અ) નીચે આપેલ અર્થ જે ઓવીઓના ચરણમાં અભિપ્રેત થતો હોય એ સંપૂર્ણ ઓવી લખો.
- ૧) વિવેકના આધારપર સત્યનો પંથ મક્કમતાથી પકડી રાખવો.
- ૨) ધુમ્રપાન તથા માદક પદાર્થોનું સેવન ન કરવું.
- ૩) પરસ્ત્રીને પાપદ્રષ્ટિથી ન જોવું.
- ૪) વિદ્યા પ્રાપ્ત કરવી અને તેની પુનરાવૃત્તિ કરવી ક્યારેય છોડવું નહિ.
- ૫) સતત કષ્ટ કરવાનો વારો આવે તો પણ એનો ત્રાસ ન માનવો.

બ) કયા હેતુથી આ સમાસમાં સમર્થએ ઉત્તમ લક્ષણો કહ્યા છે ?

પ્ર. ૨ કોઈ પણ સભામાં વક્તા તરીકે અથવા શ્રોતા તરીકે જઈએ તો કયા નિયમોનું પાલન કરવું જોઈએ એવું આ સમાસમાં કહેલ છે ?

પ્ર. ૩ નીચે આપેલ ચરણોનો અર્થ સ્પષ્ટ કરો.
- ૧) પ્રીતીવીણ રૂસોં નયે | ચોરાસ વોળખી પુસોં નયે |
- ૨) બોલીલા બોલ વિસરોં નયે | પ્રસંગી સામર્થ્ય ચુકોં નયે |
- ૩) વૈરિયાંસી દંડૂ નયે | શરણ આલિયાં |

પ્ર. ૪ નીચે આપેલ શબ્દોની બાબતમાં સમર્થનો ઉપદેશ એક વાક્યમાં લખો.

૧) આપણનો આહાર અને નિદ્રા ૨) આપણાં વસ્ત્રો ૩) આપણું બોલવું ૪) આપણું દ્રવ્યાર્જન

પ્ર. ૫ 'આ સમાસમાં આવેલ સમર્થનો ઉપદેશ, ઐહિક તથા પારમાર્થિક બંને સ્વરૂપનો છે.' આ વિધાન સ્પષ્ટતાપૂર્વક લખો. (મર્યાદા ૧૦ લીટી)

## પ્રશ્નપત્રિકા – ૫

(દાસબોધ દશક ૧૧ સમાસ ૩ 'સિકવણનિરૂપણ' પર આધારિત)

પ્ર. ૧ ખાલી જગ્યા પૂરો.

૧) ઐક _ _ _ _ _ લક્ષણ | _ _ _ _ _ જાઉ નેદી યેક ક્ષણ | _ _ _ _ _ જ્ઞાન | બરેં પાહે ||

૨) જ્યા જ્યાચા જો _ _ _ _ _ | તેથે અસાવેં _ _ _ _ _ |

૩) યાકારણે _ _ _ _ _ | _ _ _ _ _ અસાવેં મન | તરી મગ _ _ _ _ _ ભોજન |
ગોડ _ _ _ _ _ ||

પ્ર. ૨ અ) સર્વસામાન્ય માણસના જીવનનું ચિત્ર આ સમાસનાં પહેલા, ૩, ૪, ૫ અને ૬ ઠ્ઠી ઓવીમાં સમર્થએ કેવી રીતે આપ્યું છે? આવા માણસને એમણે ૭ મી ઓવી માં શું વિશેષણ આપ્યું છે?

બ) આળસ આ દુર્ગુણની નિંદા સમર્થએ કેવી રીતે કરી છે?

પ્ર. ૩ અ) નીચે આપેલ અર્થ જે ઓવીઓમાં અથવા ઓવીના ચરણમાં છે, તે ઓવીઓ સંપૂર્ણ લખો.

૧) જે કાઇ છે તે ઈશ્વરનું છે, એવા નિશ્ચય સાથે વર્તન કરવાથી મનુષ્યનો ઉદ્વેગ સમૂળ નષ્ટ થાય છે.

૨) ભોજન મધુર લાગે તે માટે પણ મન એકાગ્ર હોવું જોઈએ.

૩) હવે આનાથી આગળ વિવેકપૂર્વક વર્તન કરી ઈહપરલોકની પ્રાપ્તિ કરવી.

બ) પ્રપંચ અને પરમાર્થ બંનેમાં આપણાં શિષ્યગણને ઉત્તમ યશ પ્રાપ્ત થાય એવો સમર્થનો દૃષ્ટિકોણ હતો, એ વાત સિદ્ધ કરનારો આ સમાસ છે, એવું તમને લાગે છે?. આશરે ૧૦ લીટીમાં તમારું મત આપો .

પ્ર. ૪ ત્રણસો વરસ પહેલા જીવનાર સમાજને સમર્થએ એક આદર્શ દિનક્રમ આપ્યો હતો. એમાંથી કયો ભાગ આજે પણ એટલોજ લાગુ પડે છે?

પ્ર. ૫ નીચે આપેલ પ્રશ્નપરથી આપની અભ્યાસપદ્ધતિ સમઝી લેવાનું અમે ઈચ્છીએ છીએ. કૃપયા માહિતી આપો.

૧) પ્રશ્નપત્રિકા વાંચતાની સાથેજ જવાબો લખવાની શરૂઆત કરો છો કે પ્રશ્ન વાંચ્યા પછી અનેક વખત સમાસ વાંચીને આપ જવાબ લખો છો ?

૨) સમાસમાં ઉદધૃત વિચારોંનો અભ્યાસ કરવાના હેતુથી એકાદ સ્વતંત્ર વહીમાં મહત્વની ઓવીઓ લખો છો ?

૩) ઓવીનું વાંચન કર્યા પછી તરતજ એનો અર્થ વાંચો છો કે સંપૂર્ણ સમાસનું વાંચન કર્યા પછી અર્થનું વાંચન કરો છો?

૪) આપે લખેલ પ્રશ્નોના જવાબો બીજા કોઈને વાંચીને સંભળાવો છો?

૫) એક વખત લખેલા જવાબો પોતાને સમાધાનકારક ન લાગે તો ફરીથી લખો છો?

## પ્રશ્નપત્રિકા – ૬

(દાસબોધ દશક ૪ સમાસ ૩ 'નામસ્મરણભક્તિ' પર આધારિત)

પ્ર. ૧ સંદર્ભસાથે અર્થ સ્પષ્ટ કરો. (લેખનમર્યાદા દરેક માટે ૫ લીટી)

અ) નામેં પાષાણ તરલે | બ) હળાહળાપાસૂન સુટલા | પ્રત્યક્ષ ચંદ્રમૌળી ||

પ્ર. ૨ 'અ' સ્તંભના શબ્દસમૂહ સામે 'બ' સ્તંભમાંથી યોગ્ય નામ લખીને જોડકાં બનાવો.

| અ | બ |
|---|---|
| નામનો મહિમા લોકોને કહેનાર | વાલ્મિકી |
| ઊલટું નામ લેનાર | અજામેળ |
| નામથી પાવન થયેલ | વિશ્વેશ્વર |
| અનેક આઘાતોમાંથી મુક્ત | પ્રલ્હાદ |

પ્ર. ૩ સામાન્ય માણસને એકાદ મુદ્દો સરળતાથી ગળે ઉતરે તે માટે વિગતવાર લખવાની સમર્થની પદ્ધતિ આ સમાસમાં આપણને ક્યાં દેખાય છે? ઉદાહરણ સાથે સ્પષ્ટ કરો.

પ્ર. ૪ નામસ્મરણથી ફળસ્વરૂપે પ્રાપ્ત થનાર પાંચ વસ્તુઓનો અત્રે ઉલ્લેખ કરો .

પ્ર. ૫ અ) ખાલી જગ્યા પૂરો.

૧) _ _ _ નામામધ્યે _ _ _ યેક | મ્હણતાં હોતસે _ _ _ | નામ સ્મરતાં _ _ _| હોઈજે સ્વયે ||

૨) _ _ _ _ _ સ્મરે નિરંતર | તેં જાણાવેં _ _ _ _ _| મહાદોષાચે_ _ _ _ _|_ _ _ _ _નાસતી ||

૩) _ _ _ _ _ સંકટેં _ _ _ _ _ |_ _ _ _ _વિઘ્ને_ _ _ _ _|_ _ _ _ _નામસ્મરણે_ _ _|_ _ _ ||

બ) સંપૂર્ણ જીવનભર ફક્ત રામનામસ્મરણનો પ્રસાર કરનાર આધુનિક કાળના એક સંતનું નામ જણાવો. ઉપદેશપર એવો એમનો કયો ગ્રંથ તમે વાંચેલ છે?

## પ્રશ્નપત્રિકા – ૭

(દાસબોધ દશક ૧૨ સમાસ ૯ 'યેત્નસિકવણ' પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ વાક્યોનો અર્થ ઉપર આપેલ સમાસની જે ઓવીઓમાં આવે છે તે ઓવીઓ લખો.

૧) દરેક માણસે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે કોઈપણ કામ, પછી એ નાનું હોય કે મોટું , કર્યા વગર થતું નથી.

૨) ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, યોગથી તથા વિવિધ સાધનોથી ભવરોગ છૂટે છે.

૩) બુદ્ધિમંદ માણસપાસે બધી અવ્યવસ્થા દેખાય છે. જગતમાં હોશિયારીસિવાય
બાકી કશાનુંય મહત્વ નથી.

પ્ર. ૨ પ્રયત્નશીલ માણસોએ પોતાની જીવનશૈલી કેવી રાખવી તે વિશે સમર્થએ જે કહ્યું છે તે સાત-આઠ લીટીમાં લખો.

પ્ર. ૩ ખાલી જગ્યામાં શબ્દ લખીને ઓવી પૂર્ણ લખો.

૧) અંતરી નાહી _ _ _ _ _| યેત્ન_ _ _ _ _ _પુરતા |_ _ _ _ _ વાર્તા | તેથે કૈંચી ||

૨) જૈસેં_ _ _ _ _ બોલાવે | તૈસેચી _ _ _ _ _| મગ _ _ _ _ _સ્વભાવેં | અંગી બાણે ||

૩) યેથે _ _ _ _ _ ફિટલી | બુદ્ધિ યેત્ની _ _ _ _ _ | _ _ _ _ _ વાઢલી | _ _ _ _ _ ||

પ્ર. ૪ શ્રી સમર્થએ આ સમાસમાં કયો મહત્વનો સંદેશ આપ્યો છે તે સંક્ષિપ્તમાં લખો.

પ્ર. ૫ મહંતમાટે આવશ્યક હોય એવા સમર્થએ વર્ણન કરેલ લક્ષણપૈકી ૫ (પાંચ) લક્ષણો જણાવો.

## પ્રશ્નપત્રિકા – ૮

(દાસબોધ દશક ૧૨ સમાસ ૧૦ 'ઉત્તમપુરુષનિરૂપણ' પર આધારિત)

પ્ર. ૧ અ) આ સમાસમાં શ્રીસમર્થએ એક પ્રતિજ્ઞા કરેલ છે. તે ઓવી લખો.
બ) કીર્તિસ્વરૂપે રહેવામાટે શું કરવું જોઈએ, આ સંબંધિત બે ઓવીઓ લખો.

પ્ર. ૨ આપણી વાણી મધુર શા માટે હોવી જોઈએ, તે માટે આ સમાસમાં સમર્થએ કયા વિચારો વ્યક્ત કર્યા છે?

પ્ર. ૩ નીચે આપેલ ઓવી – ચરણોનું સંક્ષિપ્તમાં સ્પષ્ટીકરણ આપો.
અ) તરતેન બુડોં નેદાવેં | બુડતયાસિ |
બ) સુખ પાહતાં કીર્તિ નાહી |

પ્ર. ૪ લોકપ્રિય નેતા પાસે કયો મુખ્ય ગુણ હોવો જોઈએ એવું સમર્થ કહે છે?

પ્ર. ૫ નીચે આપેલ વાક્યોનો અર્થ જે ઓવીઓમાં આવેલ છે તે સંપૂર્ણ ઓવીઓ લખો.
૧) અનેક પ્રકારે લોકોની પરીક્ષા કરવી
૨) અન્નનો વેડફાટ કરવો એ અધર્મ છે.
૩) બીજા લોકોને દુ:ખી કરવું એ રાક્ષસી ક્રિયા છે.

## પ્રશ્નપત્રિકા – ૯

(દાસબોધ દશક ૧૮ સમાસ ૬ 'ઉત્તમપુરુષલક્ષણ' પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ વાક્યોનો અર્થ આ સમાસની જે ઓવીઓમાં છે તે ઓવીઓ લખો.

૧) જે યોગે ઈહપરલોક પાર કરી શકાય એવો વિવેક અને યોજના કરવી એ સર્વ ગુણોનો સાર છે.

૨) ધર્મસ્થાપના કરનાર પુરુષ ઈશ્વરી અવતાર હોય છે. એ પૂર્વે હતા, આજે છે અને ભવિષ્યમાં થશે.

પ્ર. ૨ નીચે આપેલ નિવેદનો સાચા છે કે ખોટા, તે આ સમાસની ઓવીઓના આધારે કહો.

૧) કેવળ વસ્ત્રાલંકારથી માણસનું શરીર શોભી ઉઠે છે.

૨) સમય અને પ્રસંગો હમેશાં સરખા હોતા નથી, તેથી એકજ નિયમ સતત  ચાલતો નથી.

૩) તુળજાભવાનીની જેનાપર કૃપા હોય તે વ્યક્તિએ વિચારપૂર્વક કાર્ય કરવાની આવશ્યકતા નથી.

પ્ર. ૩ રાક્ષસી વૃત્તિના માણસોના પ્રમુખ લક્ષણો કહો.

પ્ર. ૪ આ સમાસમાં કોઈ ઉત્તમ પુરુષનું શબ્દચિત્ર છે એવું તમને લાગે છે ?  એ પુરુષ કોણ હોઈ શકે?

પ્ર. ૫ ઓવીઓ પૂર્ણ કરો.

૧) _ _ _ _ _ ચિ સાવધાના | _ _ _ _ _કાયે _ _ _ _ _સૂચના |

૨) અતિ _ _ _ _ _વર્જાવેં | _ _ _ _ _પાહોન  _ _ _ _ _| _ _ _ _ _ ન પડાવેં | _ _ _ _ _પુરુષે|

૩) સકળકર્તા_ _ _ _ | તેણે _ _ _ _ અંગિકારુ | _ _ _ _ પુરુષાચા _ _ _ _ | _ _ _ _ જાણે ||

## પ્રશ્નપત્રિકા – ૧૦

(દાસબોધ દશક ૧૯ સમાસ ૧૦ 'વિવેકલક્ષણનિરૂપણ' પર આધારિત)

પ્ર. ૧ આ સમાસમાં સમર્થ રામદાસનું વ્યક્તિચિત્રજ સાકાર થયું હોય એવી ત્રણ ઓવીઓ શોધીને લખો.

પ્ર. ૨ દશક ૧૨ સમાસ ૧૦ માં અને આ સમાસમાં એક ઓવીની પ્રથમ પંક્તિ ખુબજ સમાન છે, તે ઓવી કઈ છે?

પ્ર. ૩ સમર્થનાં મઠમાં થનાર ગતિવિધિઓનું વર્ણન આજ સમાસમાં આલેખાયેલ છે. તે વિશે પાંચ લીટીમાં જવાબ આપો.

પ્ર. ૪ સંક્ષિપ્તમાં જવાબ આપો.

અ) બને ત્યાંસુધી શક્તિવાન માણસપાસે અનેક પ્રકારના વિચારો વ્યક્ત કરવા શા માટે યોગ્ય છે?

બ) મહંતએ કાર્યનો વિસ્તાર કરતાંપૂર્વે કઈ ખબરદારી લેવી જરૂરી છે?

પ્ર. ૫ અ) નિષ્ક્રિયતાને ત્યજીને ભક્તિમાર્ગનો પ્રસાર કરવો એવું વ્યકત કરનાર બે ઓવીઓ લખો.

બ) દાસબોધનો પ્રસાર થવો જોઈએ એવું આપણને કેમ લાગે છે?

## પ્રશ્નપત્રિકા – ૧૧

(દાસબોધ દશક ૧૪ સમાસ ૬ 'ચાતુર્યલક્ષણ' પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ ચરણનો અર્થ જે ઓવીઓમાં છે તે ઓવીઓ પૂર્ણ લખો.
 ૧) અન્યાયી તો દૈન્યવાણા | ૨) તેણે આપણ સુખી વ્હાવેં | ૩) પતિત કરાવે પાવન |

પ્ર. ૨ નીચે આપેલ નિવેદનોનું સ્પષ્ટીકરણ આ સમાંસમાં આવેલ ઓવીઓના આધારે સંક્ષિપ્તમાં લખો.
 ૧) ઉત્તમ ગુણ અભ્યાસિતાં યેતી | ૨) તનેં મનેં ઝિજાવેં | ૩) તેણે ભલે મ્હણોન ઘ્યાવેં |

પ્ર. ૩ ૧) ભાગ્યવાન અને અભાગી માણસ બંનેનો ઉલ્લેખ એકજ ઓવીમાં કયા અને કેવી રીતે આવેલ છે?
 ૨) લોકસંગ્રહ કેમ વધારવો જોઈએ? તે કેવી રીતે વધારી શકાય?

પ્ર. ૪ નીચે આપેલ નિવેદનો સાચા છે કે ખોટા, તે આ સમાસની ઓવીઓના આધારે કહો.
 ૧) કામનો વ્યાપ વધારવાથી વૈભવ પણ વધે છે.
 ૨) બાહ્યરૂપ સુંદર હોય તો અંતરંગ ખરાબ હોય તો પણ ચાલશે.

પ્ર. ૫ ૧) અભ્યાસાર્થીઓને આ ઉપક્રમમાંથી દાસબોધનો પ્રસાર કરવાયોગ્ય બાબતો મળી?
 ૨) અભ્યાસાર્થીઓની સંખ્યા વધારવાના પ્રયત્નો આપ કેવી રીતે કરી રહ્યા છો ? એમાં કઈ સમસ્યાઓ આવે છે?
 ૩) સજ્જનગડપર થનાર અભ્યાસાર્થીઓના સંમેલનમાં કયા સમસ્યાઓપર ચર્ચા થવી જોઈએ એવું તમને લાગે છે?

## પ્રશ્નપત્રિકા – ૧૨

(દાસબોધ દશક ૨૦ સમાસ ૧૦ ‘વિમલબ્રહ્મનિરૂપણ’ પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ વાક્યનો અર્થ આ સમાસના જે ઓવીઓમાં છે તે ઓવીઓ લખો.

૧) જે કાંઈ દૃશ્યના અંદર, બહાર અને બ્રહ્માંડના પેટાળમાં સમાયેલ છે, એવા શુદ્ધ બ્રહ્મ આગળ બીજા કશાની પણ શી વિસાત?

૨) પિંડ અને બ્રહ્માંડના નિરસનથી બ્રહ્મજ નિરાભાસ થાય છે . પછી અહીંથી ત્યાંસુધીનો વિસ્તાર શૂન્યાવકાશ થઈ જાય છે.

૩) બ્રહ્મના સંબંધમાં શબ્દો નિરર્થક થાય છે. કલ્પનાથી પણ એની કલ્પના ન કરી શકીએ એટલેજ કલ્પનાતીત બ્રહ્મને જાણવું હોય તો વિવેક એ એકજ સાધન છે.

પ્ર. ૨ દાસબોધ જેવા મહાન ગ્રંથના લેખનનું શ્રેય શ્રી સમર્થએ પોતે લીધું નથી. એ સંબંધમાં એ પોતે શું કહે છે તે સવિસ્તર લખો.

પ્ર. ૩ દાસબોધનો અભ્યાસ કરનાર સાધકોમાટે એમણે કયા સૂચનો કર્યા છે?

પ્ર. ૪ ‘અ’ અને ‘બ’ ગટમાં ઓવીઓના અર્ધચરણ અવ્યવસ્થિત રીતે આપેલ છે. તે વ્યવસ્થિત રીતે ગોઠવો.

| અ | બ |
|---|---|
| જાલેં સાધનાચેં ફળ । | કૃપા કેલી દાશરથીને । |
| સમસ્તાંચે મસ્તકીં રાહે । | આવઘે દાટલેં અપાર । |
| આકાશાચા ડોહો ભરલા । | માધ્યાનીં માર્તંડ જૈસા । |
| બ્રહ્માસી શબ્દચિ લાગેના । | સંસાર જાલા સફળ । |
| કલ્પના કલ્પું શકેના । | કદાપિ નાહી ઉચંબળલા । |

પ્ર. ૫ નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.

૧) ‘પત્રદ્વારા દાસબોધ’ આ ઉપક્રમમાં ભવિષ્યમાં પણ આપ ભાગ લેવા ઈચ્છો છો?

૨) સ્વાધ્યાય લખવામાટે કેટલા વખત સમાસ વાંચવો આવશ્યક છે એવું આપણને લાગે છે? પ્રત્યક્ષ લખવામાટે કેટલો સમય લાગતો હતો?

૩) દાસબોધ ગ્રંથ તમારી પાસે ન હોવા છતાં પણ ઉપરનિર્દિષ્ટ પ્રશ્નપત્રિકાના જવાબ તમે લખી શકશો ?

૪) આપે મોકલાવેલ સ્વાધ્યાયની એક પ્રતી અને એનું પરીક્ષણ એક સ્વતંત્ર ફાઈલમાં તમે સાચવી રાખ્યું છે ?

૫) આપણના બધા સ્વાધ્યાય (૧૨ સ્વાધ્યાય) પૂર્ણ થયેલ છે ?

## દાસબોધ પરિચય – પ્રશ્નપત્રિકા – ૧

(દાસબોધ દ.૧૮ સમાસ ૪ 'દેહદુર્લભનિરૂપણ ' પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ વાક્યનો અર્થ જે ઓવીઓમાં છે તે ઓવીઓ સમાસમાંથી શોધીને પૂર્ણ લખો.

૧) દેહ ધારણ કરેલ હોવાથી માનવ ગ્રંથ-લેખન, લિપિ પરિચય વિગેરે કરી શકે છે.

૨) દેહની મદદથીજ પુષ્કળ શ્રવણ, મનન કરીને પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે.

૩) દેહ એ બ્રહ્માંડનું અતિવિકસિત ફળ છે.

પ્ર. ૨ નીચે આપેલ કાવ્યપંક્તિઓનો આશરે પાંચ લીટીમાં કલ્પના વિસ્તાર કરો .

૧) દેહ્યાકરિતાં હોઈજે વેર્થ | આણિ ધન્ય || ૨) દેહે પરલોકીચેં તારું |

પ્ર. ૩ "જની જનાર્દન" જોવો જોઈએ એવું કહેનાર સમર્થએ આવા ઉપદેશમાં પણ વ્યવહારવાદ યોગ્ય રીતે પ્રકટ કરેલ છે, એ જે ઓવીઓમાં જોવા મળે છે તે લખો.

પ્ર. ૪ સંપૂર્ણ સમાસનો સારાંશ આશરે ૧૦ લીટીમાં લખો.

## પ્રશ્નપત્રિકા – ૨

(દાસબોધ દ.૩ ૨-અ, ૩-બ, ૪-ક, અને ૫-ડ 'સ્વગુણપરીક્ષા' પર આધારિત)

પ્ર. ૧ એક અભાગીના જીવનવૃત્તાંતનું વર્ણન ઉપર આપેલ સમાસમાં સમર્થએ કરેલ છે. તે આશરે ૧૫ લીટીમાં લખો.

પ્ર. ૨ માણસને માતાની મમતાનું અને ઈશ્વરની કૃપાનું સ્મરણ ક્યારે થાય છે, એવું આ સમાસમાં આપેલ છે? ફક્ત ઓવીઓ લખો.

પ્ર. ૩ 'બાળકના માનસશાસ્ત્ર' વિશે સમર્થને જાણ હતી, એવું આ સમાસમાં કયા જણાઈ આવે છે? તે ઓવીઓ લખો.

પ્ર. ૪ નીચે આપેલ ચરણ જે ઓવીઓમાં છે. તે ઓવીઓ સંપૂર્ણ લખો.

૧) જન્મવરી સ્વાર્થ કેલા |   ૨) મ્હણૌન ધન્ય ધન્ય તે પ્રપંચી જન |   ૩) લેકુરેં ઉદંડ જાલીં |

## પ્રશ્નપત્રિકા – ૩

(દાસબોધ દ.૨ સ. ૧ મૂર્ખલક્ષણ અને દ. ૨ સ. ૧૦ પઢતમૂર્ખલક્ષણ  પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ અર્થની ઓવીઓ લખો.

૧) અહંકારથકી જે બધાને દૂષણો આપે છે, એ એક પઢતમૂર્ખ હોય છે.

૨) અકારણ હાસ્ય કરનાર; યોગ્ય સલાહ ન માનનાર એ એક મૂરખ હોય છે.

૩) પોતે બહુશ્રુત હોવા છતાં બહુ વાચાળ વ્યક્તિ બીજાના વક્તવ્યનું મહત્વ ઓછું કરે છે. એવી વ્યક્તિ પઢતમૂર્ખ હોય છે.

૪) પુત્ર તથા પત્ની એજ જીવનનો આધાર છે એમ માની જે ઈશ્વરને ભૂલી જાય છે, એ એક મુરખ હોય છે.

૫) સંસારમાં વધારે આસ્થા રાખી, પરમાર્થનો તિરસ્કાર કરનાર વ્યક્તિ એ એક પઢતમૂર્ખ હોય છે.

પ્ર. ૨ નીચે આપેલ ઓવીઓનો અર્થ સ્પષ્ટ કરો.

૧) હોત અસતા શ્રવણ | દેહાસ આલે ઊણેપણ | ક્રોધે કરી ચિણચિણ | તો યેક પઢતમૂર્ખ ||

૨) હસ્ત બાંધીજે ઊર્ણતંતે | લોભેં મૃત્ય ભ્રમરાતેં | ઐસા જો પ્રપંચી ગુંતે | તો યેક પઢતમૂર્ખ ||

પ્ર. ૩ મૂરખના બે પ્રકાર સમર્થએ કહ્યાં છે, તે બંનેમાં ફરક શું છે?

પ્ર. ૪ વિધ્યાર્થીઓસામે બોધપ્રદ ભાષણ કરતી વખતે 'મૂર્ખલક્ષણ' સમાસમાંથી  કઈ ઓવીઓ વિશે ટિપ્પણી આપવી આપણને ગમશે; તે ઓવીઓ લખો.

## પ્રશ્નપત્રિકા – ૪

(દાસબોધ દ.૨ સ. ૫ – રજોગુણ લક્ષણ,

૬ – તમોગુણલક્ષણ અને ૭ – સત્વગુણલક્ષણ પર આધારિત)

પ્ર. ૧ ત્રિગુણોના સંદર્ભમાં માણસોનું વર્ગીકરણ કયા પ્રમુખ ગટોમાં કરી શકાય છે? ત્રિગુણોનું નિશ્ચિત ફળ કહેનાર ઓવી વિશે લખો.

પ્ર. ૨ નીચે આપેલ ઓવીઓની વિરુદ્ધ અર્થ કહેનાર ઓવીઓ 'સત્વગુણ' સમાસમાંથી શોધીને લખો.

૧) ભાંડણ લાઊન દયાવેં | સ્વયે કૌતુક પાહાવેં |

૨) પરપીડેચા સંતોષ | નિષ્ઠુરપણાચા હવ્યાસ | સંસારાચા નયે ત્રાસ | તો તમોગુણ ||

પ્ર. ૩ નીચે નમૂનાદાખલ દર્શાવવામાં આવેલ છે તે પ્રમાણે સ્તંભ જોઈને આધારભૂત ઓવીનો અંક લખો.

| ક્રિયા | કયો ગુણ | ઓવીનો આધાર |
|---|---|---|
| ૧) સંતોની પાલખી આવે તો દોડીને દર્શન કરવા | સત્વગુણ | ૨ – ૭ – ૭૭ |
| ૨) હરિભજન કરવા માટે તત્પર રહેવું | | |
| ૩) મનની વિરુદ્ધ કાઇ પણ થાય તો આત્મહત્યા કરવી | | |
| ૪) દેવાલયનો જીર્ણોદ્ધાર કરવામાટે પ્રયત્નો કરવા | | |
| ૫) ફળોથી ભરેલ વૃક્ષો તોડવા, દેવાલયો ભ્રષ્ટ કરવા | | |
| ૬) પ્રાત:સ્નાન કરવાનું ગમવું | | |
| ૭) 'હું જ હોશિયાર, હું જ તાકદવાન..' એવી બડાઇ મારવી | | |
| ૮) બાધા પૂર્ણ ન થાય તો ભગવાનની મૂર્તિ ફોડી નાખવી | | |
| ૯) પોતાનો જીવ જોખમમાં નાખી બીજાનો જીવ બચાવવો | | |
| ૧૦) આ સંસારનો અંત કેવી રીતે થશે તેની ચિંતા કરવી | | |

પ્ર. ૪ પ્રપંચ – વાસનાને જગાડનાર રજોગુણમાંથી છુટકારો મેળવવામાટે સમર્થએ જે ઉપાયો કરવાનું સૂચન કર્યું છે એવી ત્રણ ઓવીઓ લખો.

પ્ર. ૫ 'યુદ્ધ કરવું' એ તામસી કૃતી હોવા છતાં શ્રીરામ અથવા શ્રીકૃષ્ણએ કરેલ આવી કૃતિઓને તમોગુણી કહી શકાય નહિ, એના કારણો આપો.

## પ્રશ્નપત્રિકા – ૫

### (દાસબોધ દશક ૨ સમાસ ૮ – સદ્વિદ્યાનિરૂપણ અને ૯ – વિરક્તલક્ષણ પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ ઓવીઓ લખીને સંદર્ભસાથે એનો અર્થ કહો.

૧) ૨ – ૮ – ૩૧     ૨) ૨ – ૮ – ૧૩     ૩) ૨ – ૯ – ૨૬

પ્ર. ૨ સામાન્યત: જે સદ્ગુણો એકસાથે જોવા મળતા નથી એવા સમર્થને મળેલ સદ્ગુણોના ૧૫ જોડકાં લખો.

પ્ર. ૩ ૨ – ૮ – ૧૬ થી ૨ – ૮ – ૨૩ આ ઓવીઓના આધારે જેની પાસે સદ્વિદ્યા છે એવા માણસનું આંતરબાહ્ય વર્ણન કરો.

પ્ર. ૪ સમર્થએ જેમણે વિરક્ત કહેલ છે એવી વ્યક્તિ સમાજસાથે તોછડાઈથી વર્તન કરનાર અથવા એકલી રહેનાર નહિ પણ લોકસંગ્રહ કરનાર નેતા હોય છે. આ નિવેદનની સત્યતા સ્પષ્ટ કરો.

પ્ર. ૫ ૧) આપણને રોજનીશી લખવાની આદત છે?
૨) સંપૂર્ણ દિવસમાં અનુભવેલ સારી અથવા ખરાબ ઘટનાઓ ફક્ત એમાં લખો છો કે તેની સાથે આત્મચિંતન પણ લખો છો?
૩) ભવિષ્યમાં જે કામ કરવાનું છે તે વિશે ટિપ્પણી કરો છો?
૪) રોજનીશી ન લખતા હોય તો તેના કારણો લખો.

## પ્રશ્નપત્રિકા – ૬

(દાસબોધ દ-૧૧ સ-૧૦ – નિસ્પૃહ વર્તણૂક અને
દ-૧૫ સ-૨ નિસ્પૃહ વ્યાપ પર આધારિત)

પ્ર. ૧ 'જે વ્યક્તિ મહંત હોય એ વ્યક્તિએ અંતરાત્માની જેમ હોવું જોઈએ' આમાટેનું વિવરણ (દ. ૧૧ -૧૦) માં કેવી રીતે કરેલ છે?

પ્ર. ૨ (દ. ૧૧ -૧૦) માં સમર્થએ જાણે પોતાનું આત્મચરિત્ર લખ્યું હોય એવો આભાસ થાય છે. એવી પાંચ ઓવીઓ લખો.

પ્ર. ૩ સમર્થ સંપ્રદાયના પ્રસારકાર્યવિશે કઈ માહિતી (દ. ૧૧ - ૧૦) માં આપણને મળે છે?

પ્ર. ૪ મહારાષ્ટ્રના તત્કાલીન જનસ્થિતીનું વર્ણન સમર્થએ (દ. ૧૫ - ૨) માં કેવી રીતે કરેલ છે?

પ્ર. ૫ અ) નીચે આપેલ ઓવીઓનો અર્થ લખો.

૧) ૧૫ – ૨ – ૧૪ ૨) ૧૫ – ૨ – ૨૮ ૩) ૧૫ – ૨ – ૬

બ) સમર્થનું વાસ્તવ્ય જ્યાં હતું એ જગ્યાએ આવેલ એમની પ્રતિમાની નીચે એક ઓવી લખવી છે એવી કલ્પના કરી (દ. ૧૫ – ૨ ) માંથી કઈ ઓવી લખવી આપણને ગમશે, તે ઓવી લખો.

## પ્રશ્નપત્રિકા – ૭

(દાસબોધ દ-૩ સ-૬ – આધ્યાત્મિક તાપ ૭ – આધિભૌતિક તાપ અને
૮ – આધિદૈવિક તાપ પર આધારિત)

પ્ર. ૧ ત્રિવિધ તાપના નામ કહીને તેની વ્યાખ્યા જેમાં છે એવી ઓવીઓ લખો.

પ્ર. ૨ નીચે આપેલ તખ્તો પૂર્ણ કરો. પ્રથમ નિવેદન ઉદાહરણરૂપે આપેલ છે.

| ક્રમાંક | નિવેદન | તાપનો પ્રકાર | ઓવી ક્રમાંક |
|---|---|---|---|
| ૧. | દાદાના ચશ્મા ખોવાઈ ગયા | આધિભૌતિક | |
| ૨. | શેરડીના ખેતરને દાવાદારે આગ ચાંપી | | |
| ૩. | પ્રવાસીનું ધન ચોરે લુંટી લીધું | | |
| ૪. | જુવાન ઉંમરે માધવરાવ પેશવે ક્ષયરોગથી બીમાર થયા | | |
| ૫. | સ્વા. સાવરકરને કારાવાસમાં યાતના ભોગવવી પડી | | |
| ૬. | બુઢાપામાં બધાનેજ આ તાપ થાય છે | | |
| ૭. | જન્મતાજ અંધાપો નસીબમાં હોવો | | |

પ્ર. ૩ સમર્થનાં કાળમાં રાજકીય છળ થવો, આપઘાત તથા સાસરે ત્રાસ થવો આ ત્રણનો નિર્દેશ આપનાર એક એક ઓવી લખો.

પ્ર. ૪ સંદર્ભસહિત અર્થ સ્પષ્ટ કરો.
"ઐસી મર્યાદા લાવિલી દેવેં | મ્હણૌની નીતીને વર્તાવે |"

પ્ર. ૫ છેલ્લા ૧૦ વર્ષમાં આપણને ખૂબ ત્રાસદાયક (તાપ દેનાર) સ્વાનુભાવ વિશે સંક્ષિપ્તમાં લખો.
(વિ. સુ. અહિયાં ત્રાસ અથવા તાપ આ શબ્દનો અર્થ સમાસમાં આપેલ સંદર્ભમાં લેવો. )

## પ્રશ્નપત્રિકા – ૮

(દાસબોધ દ-૪ સ-૪ – પાદસેવન-ભક્તિ, ૫ – અર્ચન ભક્તિ અને ૬ – વંદન ભક્તિ પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ અર્થ જે ઓવીચરણમાં છે, તે ઓવીઓ પૂર્ણ લખો.
 ૧) સાધકે ખૂબ શ્રદ્ધાથી અભિવાદન કર્યા પછી એના હિતની ચિંતા સાધૂ કરે છે.
 ૨) આપણી પાસે પૂંજાપો છે એમ માની તે ભગવાનના ચરણમાં ધરી દેવું જોઈએ.
 ૩) શાસ્ત્ર, ગુરુ અને આત્મપ્રતીતિ જેવી અનેક કસોટીઓમાંથી પાર થઈ પોતે બ્રહ્મ થવું જોઈએ.
 ૪) વનરાઈઓ, બાગ, તાપસી લોકોમાટે પર્ણકુટીઓ નિર્માણ કરીને આ જગન્નિયંતાની પૂજા એમણેજ અર્પણ કરવી જોઈએ.

પ્ર. ૨ વંદનભક્તિ સમાસમાં  હિન્દુ ધર્મની વિશેષતા જેવી સહિષ્ણુવૃત્તિ અને તેની સિખામણ કેવી રીતે વ્યક્ત થાય છે?

પ્ર. ૩  સદ્ગુરુચરણમાં અનન્યભાવ હોવો જોઈએ એવું સમર્થ આગ્રહપૂર્વક કહે છે, શા માટે?

પ્ર. ૪ "નમસ્કાર મહતી' વિશે સમર્થ શું કહે છે?

પ્ર. ૫ નીચે આપેલ નિવેદનો સાચા કે ખોટા તે સ્પષ્ટીકરણસહિત લખો.
 ૧) નમસ્કાર અને સાષ્ટાંગ નમસ્કારમાં  તારતમ્ય રાખવું.
 ૨) અર્ચનભક્તિ કરવી હોય તો પૂજાસાહિત્ય પ્રત્યક્ષરૂપે હોવુંજ જોઈએ.
 ૩) પોતાના વિશિષ્ટ દેવ-દેવતા હોય તો કોઈ પણ ભગવાનને નમસ્કાર કરવો એ ઢોંગીપણું છે.

## પ્રશ્નપત્રિકા – ૯

(દાસબોધ દ-૮ સ-૬ – દુશ્ચિતનિરૂપણ પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ અર્થ જે ઓવીમાં છે, તે ઓવીઓ પૂર્ણ લખો.

૧) દુશ્ચિતપણા સાથે આળસ પણ હોય તો માણસને નિદ્રાવિલાસની ઉણપ હોતી નથી.

૨) દુશ્ચિત માણસનો સંસાર કોઈ પાગલ માણસના સંસાર જેવો અથવા તો અંધ, મૂક કે બેહેરા માણસના સંસાર જેવો હોય છે.

૩) જે વ્યક્તિ સતર્ક, પ્રયત્નશીલ, સાવધાન હોય તેણે મોક્ષ સહજતાથી પ્રાપ્ત થાય છે.

પ્ર. ૨ દુશ્ચિતપણાના પ્રભાવથી પ્રપંચ અને પરમાર્થ બંનેમાં થનારા નુકશાનની કલ્પના આપનાર, તમારી દૃષ્ટિએ મહત્વના લાગતાં ૪ મુદ્દા કહો.

પ્ર. ૩ સંદર્ભસહિત સ્પષ્ટીકરણ કરો .

૧) લોહો પરીસેસીં લાગલા | થેંબુટા સાગરી મિળાલા ||

૨) દુશ્ચિત બૈસલાસિ દિસે | પરી તો અસતચિ નસે ||

પ્ર. ૪ આળસપાસે સમય હોતો નથી એવું નિવેદન વિરોધાભાસી જણાય છે. એમાં છુપાયેલ સત્ય સમર્થએ કેવી રીતે ઉકેલ્યું છે?

પ્ર. ૫ અર્થને સમઝયાવગર શ્રવણ કરનારને સમર્થએ પ્રથમતઃ શેની ઉપમા આપેલ છે? એ ઉપમા પણ ઓછી પડે છે એ એમણે કેવી રીતે સમઝાવ્યુ છે?

## પ્રશ્નપત્રિકા – ૧૦

(દાસબોધ દ. ૧૧ સ. ૫ – રાજકારણનિરૂપણ અને
દ. ૧૯ સ. ૯ રાજકારણનિરૂપણ  પર આધારિત)

પ્ર. ૧ સમર્થએ આપેલ જીવનવિષયક ચાર સૂત્રોમાંથી રાજકારણનો ક્રમ કહેનાર ઓવી લખો.

પ્ર. ૨ દાસબોધમાં આપેલ ઓવીઓના આધારેજ રાજકારણ કેવું હોવું જોઈએ અને કેવું ન હોવું જોઈએ તે કહો.

પ્ર. ૩ સમૂહના હવ્યાસમાટે એકાંતમાં રહેવું આવશ્યક હોય છે, આ પ્રમેય સમર્થ કેવી રીતે ઉદ્ઘૃત કરે છે?

પ્ર. ૪ "યેક મિરાસી સાધિતી | યેક સીધ્યા ગવાવિતી | વ્યાપકપણાચી સ્થિતી | ઐસી આહે" આ ઓવીનો અર્થ પાંચ લીટીમાં સ્પષ્ટ કરો.

પ્ર. ૫ સમર્થ રામદાસ ફક્ત ભક્તિમાર્ગપર ચાલનાર વ્યક્તિ હતા કે રાજકારણી મહંત હતા? કે આ બંને કરતાં એમનું વ્યક્તિમત્વ અલગ હતું? આ સંબંધમાં આપણના વિચાર લખો.

## પ્રશ્નપત્રિકા – ૧૧

(દ. ૧૮ સ. ૭ – જનસ્વભાવનિરૂપણ અને
દ. ૧૮ સ. ૮ અંતર્દેવનિરૂપણ પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ ઓવીઓનો અર્થ લખો.

૧) ૧૮ – ૭ – ૬  ૨) ૧૮ – ૭ – ૨૦  ૩) ૧૮ – ૮ – ૧૬  ૪) ૧૮ – ૮ – ૨૦

પ્ર. ૨ "દ. ૧૮ – ૭ માં માણસના પારલૌકિક કલ્યાણ જેટલુંજ ઐહિક કલ્યાણનો વિચાર ખુબજ પ્રભાવપૂર્વક રજુ કરવામાં આવેલ છે." આ નિવેદનની સત્યતા ૧૦ લીટીમાં સ્પષ્ટ કરો.

પ્ર. ૩ તીર્થયાત્રા કરવા કરતાં પણ સત્સંગનું મહત્વ વધારે છે એવો વિચાર દ. ૧૮ – ૮ માં કેવી રીતે રજુ કરવામાં આવેલ છે ? (૧૦ લીટી )

પ્ર. ૪ " ખરા ભગવાન કોણ" એ વિશે દ. ૧૮ – ૮ માં શ્રી સમર્થએ વ્યક્ત કરેલ વિચાર લખો.

પ્ર. ૫ જે ઓવીઓનો તખ્તો બનાવી મૂકવો જોઈએ એવી ત્રણ ઓવીઓ દ. ૧૮ – ૭ માંથી પસંદ કરો. આપણે આ જ ઓવીઓ કેમ પસંદ કરી તે લખો.

## પ્રશ્નપત્રિકા – ૧૨

(દાસબોધ દશક ૯ સમાસ ૪ "જાણપણનિરૂપણ" પર આધારિત)

પ્ર. ૧ નીચે આપેલ વાક્યનો અર્થ જે ઓવીઓમાં છે તે ઓવીઓ આ સમાસમાં છે તે શોધો.

૧) પ્રપંચ હોય કે પરમાર્થ, જાણકાર માણસજ એમાં યશ પ્રાપ્ત કરી શકે છે. અજાણ વ્યક્તિ વ્યર્થ જીવન જીવે છે.

૨) ઉત્તમ ગુણ એજ ભાગ્યનું લક્ષણ છે. જેમાં આ લક્ષણ નથી તે અવલક્ષણી છે.

૩) જ્ઞાન મેળવ્યા વગર કરોડો સાધનોની મદદ લઈને પણ માણસ મોક્ષનો અધિકારી થતો નથી.

પ્ર. ૨ થોડા લોકો સંપન્નતા મેળવે છે અને થોડા દુર્બલ હોય છે, થોડા સ્વચ્છ હોય અને થોડા ગંદા રહેતા હોય છે, સમર્થના મતપ્રમાણે આવો ભેદ શામાટે હોય છે?

પ્ર. ૩ 'વ્યાપ તિતકા સંતાપ' આ કહેવત સમર્થને માન્ય છે ? ઓવીના આધારે જવાબ લખો.

પ્ર. ૪ અજ્ઞાનતા વશ માણસનું કેવી રીતે નુકશાન થાય છે એ ઓવી ક્ર. ૨૦ થી ૨૩ ના અંત સુધી કેવી રીતે વર્ણવી છે?

પ્ર. ૫ અ) દાસબોધ વાંચવા માટે આપ રોજિંદા જીવનમાં કેટલો સમય ફાળવી શકો છો? આપ સ્વતંત્ર વહીમાં ટિપ્પણી લખો છો?

બ) આપના સ્વભાવ અને વર્તનમાં દાસબોધના વિચારો થકી બદલાવ આવી રહ્યો હોય એવું તમને લાગે છે?

ક) 'પત્રદ્વારા દાસબોધ અભ્યાસ' આ ઉપક્રમના લીધે સમર્થના વિચાર સમઝી લેવામાં તમને મદદ થઈ?

ડ) આપણાં આ ઉપક્રમનો તથા દાસબોધ ગ્રંથનો વધારે પ્રસાર થવો, તેમાટે આપ કેવા પ્રકારે પ્રયત્નો કરી શકશો?

ઉ) જે જે ક્ષેત્ર સમર્થના ક્ષેત્ર તરીકે જાણીતા છે એમાંથી કઈ જગ્યાએ તમે પોતે ગયેલા છો?

ફ) દાસબોધ અભ્યાસવર્ગમાં તમે ભાગ લીધેલ છે ?

ગ) આપણના બધા સ્વાધ્યાય (૧૨ સ્વાધ્યાય ) પૂર્ણ થયેલ છે ? 'દાસબોધ પ્રબોધ' આ, આગળનો અભ્યાસક્રમ આપ પૂર્ણ કરશો ?

|| જય જય રઘુવીર સમર્થ ||

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા - ૧
## (દ. ૧-૧- ગ્રંથારંભલક્ષણ અને દ. ૨૦-૧૦- વિમળબ્રહ્મનિરૂપણ પર આધારિત)

પ્ર.૧ (અ) જે એકજ ઓવીમાં દાસબોધ ગ્રંથનો સારાંશ કહ્યો છે, તે ઓવી લખો.

(બ) દ. ૧-૧ માં કયા વિષય નિ:સંશય વર્ણાયા છે એવું સમર્થ કહે છે ?

પ્ર.૨ ક્ષુદ્રવૃત્તી ધરાવનાર ટીકાકારોની ભૂમિકા કેવી હોય છે ? આવી ભૂમિકાથી વાચકોએ ગ્રંથ વાંચવો નહીં એ કેવી રીતે સ્પષ્ટ કર્યું છે ?

પ્ર.૩ "દ.૨૦-૧૦ માં દાસબોધના તત્વજ્ઞાનનો સારાંશ સમાયેલ છે" આ વિધાનની સત્યતા પ્રતિપાદન કરો.

પ્ર.૪ નીચે આપેલ ઓવીઓનો અર્થ સ્પષ્ટ કરો.

૧) આતા શ્રવણ કેલિયાચે ફળ | (૧-૧-૨૮)

૨) જાલે સાધનાંચે ફળ | (૨૦-૧૦-૨૬)

પ્ર.૫ (અ) દાસબોધનો અભ્યાસ કેવી રીતે કરવો એ વિશે દ. ૨૦-૧૦-૩૧ અને ૩૨ ઓવીઓમાં શ્રી સમર્થએ પોતેજ કેવી રીતે માર્ગદર્શન કર્યું છે?

(બ) મનાચે શ્લોક, કરુણાષ્ટક, દાસબોધ આમાંથી થોડા ભાગનું પણ તમે દૈનિક ઉપાસનામાં પઠણ કરો છો ?

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૨

**(દ. ૧૧-૬- મહંત લક્ષણ, ૧૪-૧- નિસ્પૃહ લક્ષણ, ૧૮-૩-નિસ્પૃહ સિકવણ પર આધારિત)**

પ્ર.૧ (૧) મહંતનું અક્ષર, બોલવું, ચાલવું વિગેરે કેવું હોવું જોઈએ એ વિશેની ઓવી લખો.

(૨) શ્રી સમર્થએ પોતાના બોલવા વિશે જે ઓવીમાં પોતાનો અભિપ્રાય લખ્યો છે એ ઓવી લખો.

(૩) માનવી દેહ દુર્લભ છે. વિવેકથી એ સાર્થ કરવો જોઈએ એવા અર્થની ઓવી લખો.

પ્ર.૨ પ્રભુ રામચંદ્રજીના કયા ગુણોનો નિર્દેશ દ.૧૧-૬ માં કર્યો છે ? અને એ કયા સંદર્ભમાં છે?

પ્ર.૩ લોકોનું મનોગત રાખવા માટે નિસ્પૃહને ઘણાં પથ્યો પાળવા પડે છે. એકાંતિકતા ના હોવી જોઈએ એવું કહેનાર ૫ ઓવીઓ લખો.

પ્ર.૪ નિ:સ્પૃહસિકવણ (દ.૧૮-૩) માંની ઓવી ક્ર.૧૨ થી ૨૦ સુધીની ઓવીઓના અર્થનો સારાંશ લખો.

પ્ર.૫ શ્રીસમર્થના સાનિધ્યમાંના પાંચ મહંતોના નામ લખી એમના મઠ જે ગામમાં છે એ ગામના નામ લખો. (મહંતોમાં સ્ત્રિઓનો પણ સમાવેશ છે).

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૩

## (દ. ૧૪-૬- ચાતુર્યલક્ષણ, ૧૫-૧- ચાતુર્યલક્ષણ, ૧૫-૬-ચાતુર્યવિવરણ પર આધારિત)

પ્ર.૧ નીચે આપેલ ઓવીઓનો અર્થ લખો

(૧) પીતાપાસૂન કૃષ્ણ જાલેં | ૧૫-૬-૧

(૨) સમજલે આણિ વર્તલે | ૧૪-૬-૨૫

(૩) ભેટભેટોં ઉરી રાખણે | ૧૫-૧-૩૫

પ્ર.૨ કલ્પનાવિસ્તાર કરો

(૧) ૧૪-૬-૨૩

(૨) ૧૫-૦૧-૨૧

(૩) ૧૫-૬-૮

પ્ર.૩ લેખન ક્રિયાનું મહત્વ શ્રી સમર્થએ દ.૧૫-૬ માં પ્રારંભની પાંચ ઓવીઓમાં કેવી રીતે કહ્યું છે ?

પ્ર.૪ ટિપ્પણી આપો.

(૧) રેખા તિતુંકી પુસોની જાતે | (૨) પડી ઘેઉન ઉલથાવેં |

પ્ર.૫ "માણસે ચાતુર્યથી દિગ્વિજય મેળવવો" આવું કહેતી વખતે શ્રી સમર્થએ કયા પથ્યોનું પાલન કરવાનું સૂચન કર્યું છે અને કયા માર્ગો બતાડયા છે ?

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૪

**(શ્રવણમાહાત્મ્ય : દ. ૭-૮- શ્રવણનિરૂપણ, ૭-૯-શ્રવણનિરૂપણ, ૧૭-૩-શ્રવણનિરૂપણ પર આધારિત)**

પ્ર.૧ દ.૧૭-૩ ના પહેલીજ ઓવીમાં ગ્રંથ છોડતાપૂર્વે કેવી તૈયારી કરવી જોઈએ એવું સમર્થએ કહ્યું છે?

પ્ર. ૨ શ્રવણથી કયા કયા લાભ થાય છે ? દસ લક્ષણો લખો (દ.૭-૮)

પ્ર.૩ જ્ઞાની સાધકને અદ્‌વૈત ગ્રંથ-શ્રવણ જ હોવો જોઈએ આવો વિચાર સમર્થએ દ.૭-૯ ના ત્રણ- ચાર ઓવીઓમાં ટાંક્યો છે. તે ઓવીઓ લખો.

પ્ર.૪ યેકાંતી નાજુક કારબાર | તેથે અસાવે અતિ તત્પર | ત્યાચ્યા કોટિ ગુણે વિચાર | અધ્યાત્મ ગ્રંથી || આ ઓવીનું ૭-૮ લીટીમાં સ્પષ્ટીકરણ લખો.

પ્ર.૫ ૧) તમે અત્યારસુધી સાંભળેલા પાંચ પ્રભાવી પ્રવચનકારોના નામ લખો.
૨) એમણે કરેલા પ્રવચનોમાંથી કયા વિશિષ્ટ વિચારોનો પ્રભાવ તમારાપર પડ્યો છે ?
૩) શ્રી સમર્થએ કહેલ સારા ગ્રંથોના લક્ષણો જણાવો.

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૫

**(દ. ૧૬-૯-નાના ઉપાસનાનિરૂપણ, ૧૬-૧૦-ગુણભૂતનિરૂપણ, ૧૭-૫-અજપાનિરૂપણ પર આધારિત)**

પ્ર.૧ દુનિયામાં અલગ અલગ લોકો અલગ અલગ દેવતાઓની ઉપાસના કરે છે, પણ તે એક અંતરાત્માનેજ પહોંચે છે એ શ્રી સમર્થએ કેવી રીતે સિદ્ધ કર્યું છે ?

પ્ર.૨ અંતરાત્મા (અથવા આત્મારામ) રૂપી જગદીશ્વરનું મહત્વ દ.૧૬-૧૦ માં કેવી રીતે વર્ણાવ્યું છે?

પ્ર.૩ 'અજપાનિરૂપણ' સમાસમાં સાધના કરવાની એક પદધતી સમર્થએ સૂચવી છે; એ કઈ ?

પ્ર.૪ નીચે લખેલ ઓવીઓનો અર્થ સંદર્ભસહિત સ્પષ્ટ કરો.

૧) લક્ષ્મીમધ્યે કરંટા નાંદે | ત્યાચે દરિદ્ર આધીક સાંદે | નવલ કેલે પરમાનંદે | પરમપુરુષે ||

૨) ન્યાય આણિ અન્યાય | હોયે આણિ ન હોયે | વિવેકેવિણ કાયે | ઉમજો જાણે ||

પ્ર.૫ ૧) પ્રશ્નપત્રિકા હાથમાં આવ્યા પછી ૧૫ દિવસની અંદર સ્વાધ્યાય મોકલવાનો તમારો સંકલ્પ હોય છે? તમે સમયનું એ રીતે નિયોજન કરો છો?

૨) પ્રબોધ સ્તરના અન્ય અભ્યાસાર્થીઓ સાથે તમારો પરિચય છે ? જો હા તો તમે એમની સાથે પ્રશ્નપત્રિકાવિશે વિચારવિનિમય કરો છો ?

૩) તમારા ગામમાં "દાસબોધ અભ્યાસ મંડળ" છે ? જો હા તો એનું કાર્ય કેવી રીતે ચાલે છે?

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૬

## (દ. ૫-૭-બદ્‌ધલક્ષણ, ૫-૮-મુમુક્ષુલક્ષણ અને ૫-૯-સાધકલક્ષણનિરૂપણ પર આધારિત)

પ્ર.૧ દ.૫-૭ માં માણસોના કયા ચાર વર્ગ શ્રી સમર્થએ કહ્યા છે ?

પ્ર.૨ બદ્‌ધથી મુમુક્ષુ થવાનું પરિવર્તન કયા વિવિધ કારણોથી થઈ શકે છે ? તમારું પોતાનું આ સંબંધમાં કાઇ નિરીક્ષણ છે? 'મુમુક્ષુલક્ષણ' સમાસમાં ઓવી ક્ર.૬, ક્ર.૨૦ અને ક્ર. ૪૧ નો અર્થ સ્પષ્ટ કરો.

પ્ર.૩ દ.૫-૭ બદ્‌ધલક્ષણ નિરૂપણમાંના ૩૫ થી ૪૦ સુધીના ઓવીઓમાં કયા લક્ષણો વર્ણાયા છે ?

પ્ર.૪ સાધકાવસ્થામાંની પ્રાથમિક અવસ્થા દ.૫-૯ માં કેવી રીતે કહી છે ?

પ્ર.૫ કોઈ વીરપુરુષના પરાક્રમની જેમ સાધકનું વર્ણન આવ્યું છે, એવી કોઈપણ પાંચ ઓવીઓ લખો. આ પ્રકારનું વર્ણન કુલ કેટલી ઓવીઓમાં આવ્યું છે ?

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૭

## (દ. ૪-૭-દાસ્યભક્તિ, ૪-૮-સખ્યભક્તિ અને ૪-૯-આત્મનિવેદનભક્તિ પર આધારિત)

પ્ર.૧ "દાસ્યભક્તિ" અને "સખ્યભક્તિ" ની વ્યાખ્યાઓ જે ઓવીઓમાં આવી છે તે ઓવીઓ લખો.

પ્ર.૨ "નાના રચના જીર્ણ જર્જર | ત્યાચે કરાવે જીર્ણોદ્ધાર |" આ ઓવીના સ્પષ્ટીકરણાર્થ દ.૪-૭ માં કઈ વિગતો આપી છે?

પ્ર.૩ "સખ્યભક્તિ" વિશે નીચેની ઓવીઓનો અર્થ જણાવો :
(૧) ૪-૮-૪ (૨) ૪-૮-૧૨ (૩) ૪-૮-૩૦

પ્ર.૪ નીચેની કલ્પના જેમાં છે તે ઓવીઓ લખો :
૧) ભગવાનથી જે વિભક્ત હોતો નથી તે ભક્ત
૨) આત્મનિવેદન એ સૌથી શ્રેષ્ઠ ભક્તિ છે

પ્ર.૫ અ) મુક્તિના ચાર પ્રકાર અધ્યાત્મશાસ્ત્રમાં વર્ણાયા છે. તે વિશે ૪-૯-૨૬ થી ૨૯ સુધી કઈ માહિતી આપેલ છે ?

બ) નવવિધાભક્તિ એટલે શું? એમાથી ભક્તિનો કયો પ્રકાર તમને સુલભ લાગે છે ? એક પ્રકારમાથી બીજા પ્રકારમાં આપણનો પ્રવેશ થઈ શકે છે ?

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૮

## (દ. ૧-૯-પરમાર્થસ્તવન, ૧૩-૭-પ્રત્યયેવિવરણ, ૧૯-૭-યેત્નનિરૂપણ પર આધારિત)

પ્ર.૧ નીચેની ઓવીઓનો અર્થ સ્પષ્ટ કરો :

૧) અનંત જન્મીચે પુણ્ય જોડે | (૧-૯-૨૪)

૨) કર્તયાસી વોળખાવે | (૧૩-૭-૨૯)

૩) અભ્યાસે પ્રગટ વ્હાવે | (૧૯-૭-૧૭)

પ્ર.૨. શ્રી સમર્થએ પરમાર્થનું મહત્વ દ.૧-૯ માં વર્ણન કરેલ છે. તેમાથી પસંદ કરેલા ૧૦ મુદ્દાઓ ૧૦ લીટીમાં લખો.

પ્ર.૩ નીચેની ઓવીઓનો કલ્પનાવિસ્તાર કરો :

૧) વિચારે પ્રકૃતિ સંવ્હારે | દૃશ્ય અસ્તાંચ વોસરે | (૧૩-૭-૧૨)

૨) અવઘેચ નષ્ટ ; યેકલા ભલા - | કાશાવરુની | (૧૯-૭-૧૩)

પ્ર.૪ જનપ્રબોધન કરનારા મહંતોને નીચે આપેલ ઓવીઓમાં કયા સૂત્રો કહ્યા છે?

(અ) ૧૯-૭-૬ (બ) ૧૯-૭-૮ (ક) ૧૯-૭-૧૧

પ્ર.૫ (અ) આ મહિનાના સ્વાધ્યાયમાં નીવડેલ સમાસમાંથી એક પર ૧૫ મિનિટસુધી વિવરણ કરવાનું કહેવામાં આવે તો તમે તૈયાર છો ?

(બ) ઉપરમાંથી કયા સમાસની પસંદગી એ માટે કરશો ? એમાના પાંચ મુદ્દા એક એક વાકયમાં લખો.

અથવા

(બ) ઉપરના ત્રણ સમાસમાં જે ઓવીઓ તમને સુભાષિત જેવી લાગે છે તે ત્રણ ઓવીઓ લખો.

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૯

### (દ. ૧૨-૪-વિવેકવૈરાગ્યનિરૂપણ, ૧૨-૫-આત્મનિવેદન, ૧૩-૧-આત્માનાત્મવિવેક પર આધારિત)

પ્ર.૧ નીચે આપેલ અર્થ જે ઓવીમાં છે, તે ઓવીઓ લખો.

(૧) વિવેકથી "અહં" અને વૈરાગ્યથી પ્રપંચની આસક્તિ છૂટે છે. આપ્રકારે બંધનમુક્ત થાય છે એજ નિ:સંગ યોગી.

(૨) પવન ના હોય ત્યારે આકાશ જેવીરીતે નિર્લેપ હોય છે, એજ રીતે અષ્ટદેહનુ નિરસન થઈ ગયા પછી ફક્ત પરબ્રહ્મ બાકી રહે છે, એનો અનુભવ કરવો.

(૩) કીડીથી માંડીને બ્રહ્માદિ દેવોસુધી બધાજ દેહધારી છે.

પ્ર.૨. સંદર્ભસહિત નીચેની ઓવીઓનું સ્પષ્ટીકરણ આપો.

(અ) તિહીપ્રકારે આપણ | નાહી નાહી દુજેપણ || ૧૨-૫-૨૧

(બ) યેકેવીણ યેક કાયે | કામા નયે વાયા જાયે || ૧૩-૧-૨૨

પ્ર.૩ "વૈરાગ્ય ના અભાવથી વિવેક અપંગ થાય છે અને વિવેકના અભાવથી વૈરાગ્ય દુરાગ્રહી થાય છે." આ નિવેદનનું સ્પષ્ટીકરણ દ.૧૨-૪ ના આધારે આપો.

પ્ર.૪ (દ.૧૩-૧-૫ થી ૨૦ ઓવીઓના આધારે) શરીરના સંસર્ગથી આત્મા કઈ ક્રિયા કરે છે; તેનું વર્ણન કરો.

પ્ર.૫ દ.૧૨-૪ માં શ્રી સમર્થનું પ્રતિબિંબજ જાણે આપણને દેખાય છે, તેવી બે ઓવીઓ લખો.

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૧૦

### (દ. ૧-૪-સદગુરુસ્તવન, ૧-૫-સંતસ્તવન, ૮-૯-સિદ્ધલક્ષણ પર આધારિત)

પ્ર.૧ અર્થ સ્પષ્ટ કરો.

(૧) આદિત્યે અંધકાર નિવારે |(૧-૪-૧૦)

(૨) જો બોલકેપણે વિશેષ | (૧-૫-૧૧)

(૩) સકળ ધર્માંમધ્યે ધર્મ | (૮-૯-૫૪)

પ્ર.૨ સદગુરુસ્તવન કરતી વખતે કયા દૃષ્ટાંતો આપ્યા છે અને તે ઓછા પડે છે એ કઈ રીતે સ્પષ્ટ કર્યું છે? ઓવી ક્ર. ૧-૪-૧૫ થી ૨૫ ના આધારે જવાબો લખો.

પ્ર.૩ આત્મવસ્તુ એ વાણી અને બુદ્ધિ આ શક્તિઓથી પર છે, એ ૧-૫-૯ થી ૧૨ સુધી કેવી રીતે કહ્યું છે?

પ્ર.૪ સંતમહિમા વર્ણન કરતી તમે નિવડેલ ૩ ઓવીઓ લખો.

પ્ર.૫ લો. તિલકનાં ચરિત્રના કયા પ્રસંગમાં તમને સિદ્ધાવસ્થામાં પ્રાપ્ત થનાર નિર્ભયતા, નિ:સ્પૃહતા અને નિ:સંદેહાવસ્થાનો વિશેષરૂપે પ્રત્યય આવે છે, એ પ્રસંગ સંક્ષિપ્તમાં લખો.

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૧૧

## (દ. ૧૮-૫-કરંટપરીક્ષાનિરૂપણ, ૧૯-૩-કરંટલક્ષણનિરૂપણ,
## ૧૯-૪-સદેવ (ભાગ્યવાન) લક્ષણનિરૂપણ પર આધારિત)

પ્ર.૧ નીચે આપેલ અર્થ જે ઓવીમાં છે, તે ઓવીઓ લખો.

૧) ફડણીસીના લક્ષણ; એટલે કાલાપવ્યય ના કરવો.

૨) અસત્ય એટલે પાપ, સત્ય એટલે સ્વરૂપ.

૩) પાપથી દારિદ્ર્ય અને દારિદ્ર્યથી પાપનો સંચય થાય છે.

૪) જે વ્યક્તિ લોકોના મન રાખે છે તેનેજ ભાગ્ય મળે છે.

પ્ર.૨ ટિપ્પણી લખો (કોઈ પણ બે ).

૧) આળસથી કઈ હાનિ થાય છે ?

૨) દુશ્ચિત આળસના લીધે કઈ પ્રતીતિ તરત થાય છે?

૩) અવઘેચી સુખી અસાવે | ઐસી વાસના ||

પ્ર.૩ સદેવના ૧૦ લક્ષણો લખો.

પ્ર.૪ પ્રત્યયનું મહત્વ સમર્થએ “પસેવરી વૈરણ ઘાતલે” વિગેરે ઓવીઓ મદદથી સમજાવ્યું છે. તેનું સંક્ષિપ્તમાં સ્પષ્ટીકરણ કરો.

પ્ર.૫ આધ્યાત્મિક ગ્રંથોનું કેવળ પારાયણ કરવું અયોગ્ય છે, એ શ્રી સમર્થએ કેવી રીતે સમઝાવ્યું છે ?

## દાસબોધ પ્રબોધ : પ્રશ્નપત્રિકા –૧૨

### (દ. ૨૦-૪-આત્મનિરૂપણ, ૨૦-૫-ચત્વારજિનસનિરૂપણ, ૨૦-૮-દેહેક્ષેત્રનિરૂપણ પર આધારિત)

પ્ર.૧ નીચેની ઓવીઓનો અર્થ સ્પષ્ટ કરો.

૧) પ્રગટ રામાચે નિશાણ | ૨૦-૪-૧૪

૨) નર તોચિ નારાયણ | ૨૦-૫-૨૮

૩) આવહન વિસર્જન | હેચિ ભજનાચે લક્ષણ | ૨૦-૮-૩૦

પ્ર.૨. "માનવી શરીર" યંત્રનો ગૌરવ શ્રી સમર્થએ દ. ૨૦-૮ માં કેવી રીતે કર્યો છે ?

પ્ર.૩. (અ) વિશ્વરચનામાંના ચાર ઘટકો ૨૦-૫-૧ આ ઓવીમાં કેવી રીતે સ્પષ્ટ કર્યા છે ?

(બ) 'સામર્થ્ય આહે ચળવળિચે|' આ ઓવીનો કલ્પનાવિસ્તાર કરો.

પ્ર.૪ દ.૨૦-૪-૫ માં માતાનું મહત્વ કેવી રીતે પ્રકટ થયું છે ?

પ્ર.૫ (અ) "પૃથ્વીમધ્યે જીતુકી શરીરે | તિતુકી ભગવંતાચી ઘરે |" આની અનુભુતી મળે તો રોજિંદા જીવનમાં માણસના વર્તનમાં બદલ થશે?

(બ) ૫.દા.અ. ઉપક્રમથી 'સમર્થ-વિચાર' સમઝી લેવામાં તમને સહાય્યતા થઈ?

(ક) દાસબોધ અભ્યાસ વર્ગમાં તમે ગયા હતા ? જો હાં તો ક્યારે અને ક્યાં ?

(ડ) આપડા આ ઉપક્રમનો તેમજ દાસબોધ ગ્રંથનો પ્રસાર થાય એ માટે તમે કયા પ્રયત્નો કરી શકશો?

(ઈ) સાર્થ દાસબોધ તમારી પાસે છે ? તમે 'સજ્જનગડ' માસિકના ગ્રાહક છો ?

|| જય જય રઘુવીર સમર્થ ||